અપીલ અરજી નં.૪૪ તા.૨૦–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ.

સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ફાયરખાતુ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ.ની તા.૨૧–૪–૦૯ ની અરજીથી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ, પંચરત્ન ટાવર, સૈફ સોસા., રેલ્વે કોલોની તથા ડાંગરેવાડી રોડ, પર આગનો તા.૨૬–૧૦–૨૦૦૦ થી તા.૨૮–૧૦–૨૦૦૦ બનેલ કે નહીં, બનેલ હોય તેની વિગતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૪/૨૦૦૯–૧૦

શ્રી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ.ની તા.૨૧–૪–૦૯ ની અરજીથી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ, પંચરત્ન ટાવર, સૈફ સોસા., રેલ્વે કોલોની તથા ડાંગરેવાડી રોડ, પર આગનો બનાવ તા.૨૬–૧૦–૨૦૦૦ થી તા.૨૮–૧૦–૨૦૦૦ બનેલ કે નહીં, બનેલ હોય તેની વિગતની માહિતી આપવા બાબતે એફ.પી/એસ.પી/નં.૨૭૫ તા.૪–૫–૦૯ ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૩ તા.૨૮–૫–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ફાયરખાતુ) તથા અરજદારને આપેલ માહિતીથી અસંતોષ માટેના કારણો જેવા કે આગનો કોલ, ફરીયાદ લખાવેલ હોય તેની વિગત વિગેરે અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિશેષ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ આધાર કે વાજબીપણું પત્ર પાઠવી તક આપવા છતાં રજૂ કરેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ તથા ફી ભર્યાનો પુરાવો રજુ કરેલ તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તબદીલ થયેલ અરજી સાથે અરજદારને આપેલ માહિતી પત્રની નકલ પણ અત્રે મળેલ.

અરજદારની તા.૨૧–૪–૦૯ ની અરજીથી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડની આજુ બાજુ પંચરત્ન ટાવર, સૈફ સોસા., રેલ્વે કોલોની તથા ડાંગરેવાડી રોડ, પર આગનો બનાવ તા.૨૬–૧૦–૨૦૦૦ થી તા.૨૮–૧૦–૨૦૦૦ બનેલ કે નહીં, બનેલ હોય તેની વિગતની માહિતી આપવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.એફ.બી/એસ.પી/૨૭૫ તા.૪–૫–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજી સંદર્ભેના જણાવેલ સમય દરમ્યાન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસ વિભાગના ઉપલબધ રેકર્ડના તપાસ કરતાં આગનો બનાવ નોંધાયેલ જણાતો નથી. તેમ છતાં તારીખ સમય અને મિલ્કતનું વર્ણન સ્પષ્ટપણે કર્યેથી વધુ માહિતી આપી શકાય. તેવી માહિતી આપેલ જણાય છે. આમ અરજદારને જણાવેલ સમય અને સ્થળના આધારે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ તારીખ સમય અને મિલ્કત વર્ણન સ્પષ્ટ કર્યેથી વધુ માહિતી આપવા પણ તૈયારી બતાવેલ છે. અરજદારની મુળ અરજીથી માંગેલ વિગત જોતાં અરજદારે બનાવ બનેલ છે કે નહીં? તેની વિગત માંગેલ આમ અરજદાર સ્વયં બનાવ બન્યા અંગે ચોકકસ નહીં હોવા છતાં મળેલ માહિતી સામે નારાજગી દર્શાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં પારદર્શીતા જળવવાની ભાવનાને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ કાયદાની કલમ–૭ સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી લાગત રેકર્ડનું કચેરીના કામ કાજ ના સમય દરમ્યાન દિન–૭ માં ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયેથી તદનુસાર અમલવારી કરવા તથા તેની જાણ અત્રેના વિભાગને કરવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ફાયરવિભાગ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૬ – ૦૯

***ઈ.ચા.એપેલેટ ઓફિસર***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (ફાયરખાતુ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ડાયમંડ એક્ષપોર્ટસ લીમીટેડ., ડાયમંડ સ્ટાર હાઉસ, શ્રીધર પેટ્રોલ પંપની બાજુમાં, લંબેહનુમાન રોડ, સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.